**<u>સીવીલ પરચુરણ અરજ નં.૭/૨૦૧૯ ના કામે આંક-૧ લગત હુકમ.</u>**

(૧) સાંભળ્યા, હાલની અરજી તેમજ તેની સાથેના રજુ કરેલા તમામ પેપર્સ વંચાણે લીધા.

(૨) હાલની અરજી રજુ કરી, આ કામના અરજદાર (મૂળ વાદી)પક્ષે રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓએ વિલ રદૃ બાતલ કરાવવા માટે રે.મુ.નં.૩૯/૨૦૧૪ થી દાવો દાખલ કરેલો અને જયારે તે કામ પુરાવાના સ્ટેજે હતું, ત્યારે વાદીઓના મકાનો હંગામી ધોરણે તોડી નાંખેલા અને વડોદરા શહેરની બહાર તેઓ રહેતા હતા. તે સંજોગોમાં પુરાવાની નોટીસ તેઓને બજેલ નથી અને નામદાર કોર્ટમાં હાજર નહી રહેતાં, તા.૨૦/૦૧/૨૦૧૮ ના રોજ દાવો કાઢી નાંખવાનો હુકમ કરેલ. જે વિલંબ કરવા માટેનો તેમનો કોઈ ઈરાદો ન હતો અને હવે તે દાવો આગળ ચલાવવા માંગતા હોય, તેને રીસ્ટોર કરાવવા માટે રીસ્ટોરેશનની અરજી દાખલ કરવા માંગે છે. પરંતુ, તે સબબ સદર અરજી દાખલ કરવા માટે ૧૮ માસ અને ૧૦ દિવસનો વિલંબ થયેલ છે તે વિલંબ માફ કરવા માટે હાલની અરજી રજુ કરેલ છે. જે અરજી સબબ અરજદારના વિ.વ.શ્રીને સાંભળવામાં આવેલા છે. તેમજ સામે પક્ષે સામાવાળાના વિ.વ.શ્રીને સાંભળવામાં આવેલા છે. તે બંને પક્ષકારો ની રજુઆતો તેમજ અરજદાર(મૂળ વાદી)નો ખુલાસો ઘ્યાને રાખતાં, રીસ્ટોરેશનની અરજી દાખલ કરવા માંગે છે તે દાખલ કરવા માટે થયેલ વિલંબ માફની હાલની અરજી ખર્ચ સહિત મંજુર કરવી ઉચિત જણાતું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

- હાલની વિલંબ માફની અરજી મંજુર કરવામાં આવે છે અને રે.મુ.નં.૩૯/૨૦૧૪ ના રીસ્ટોરેશન માટેની અરજી દાખલ થઈ શકે તે હેતુ સબબ, આ કામના અરજદાર (મૂળ વાદી)એ રૂા.૧૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા) ડી.એલ.એસ.એ. વડોદરા ખાતે દિન-૧૦(દસ)માં જમા કરાવવા અને આ અરજીની સાથે રજુ કરવામાં આવેલ રીસ્ટોરેશનની અરજી દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- ઉપરોકત હુકમ ઘ્યાને લઈ હાલની અરજી ફેંસલ કરવી અને દિન-૧૦(દસ)માં હાલના અરજદારો સદરહુ ખર્ચની રકમ ભરેલાની પાવતી રજુ કરે, તો રીસ્ટોરેશનની અરજીનો નવો નંબર રજીસ્ટર કરી તે અરજી લગત આગળની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ આજરોજ તારીખ ચોવીસમી, માહે ડિસેમ્બર, સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૨૪/૧૨/૨૦૧૯
પાદરા.

JSR

**(ગણપતસિંહ પર્વતસિંહ સોઢાપરમાર)**
મુખ્ય સીનીયર સીવીલ જજ,
કોડ નં.જી.જે.૦૦૯૨૩.